**અમદાવાદ(રુરલ)ના મહે. ૭ મા એડી.સિનિયર સીવીલ જજ અને એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,મુ.મીરઝાપુર, અમદાવાદ.**

ક્રીમીનલ કેસ નં. ૨૬૬૦/૨૦૨૦

આંક :

ફરીયાદી : શ્રી સરકાર

વિ.

આરોપી : શ્રવણકુમાર ભેરામ પ્રજાપતિ

**ગુનો:-ઈ.પી.કો.ક.-૨૮૩ મુજબ.**

**ચૂ કા દો**

૧. સદર કામે ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીએ તા.૧૮-૦૨-૨૦૨૦ ના રોજ કલાક ૨૦-૧૫ દરમ્યાન પોતાના કબજાની લારી જાહેર રોડ પર રાખી રોડ પર આવતા જતા ટ્રાફીક તથા રાહદારીને અડચણરૂપ પાર્ક કરી ઈજાનો ભય ઉભો કરી પકડાઈ જઈ ગુનો કરેલ છે.

૨. જે અંગેની ફરીયાદ એ ડીવી ટ્રાફીક પો. સ્ટે. ને નોંધાવી જરુરી તપાસ કરી આરોપીને અટક કરેલો અને આરોપી સામે ગુનો બન્યાનું જણાતા આ અદાલત સમક્ષ ઈન્સાફી કાયવાહી સારું ચાર્જશીટ રજૂ કરેલ છે.

૩. આરોપી આજ રોજ મારી સમક્ષ હાજર થતા પ્રથમ તેમને પોલીસ તપાસના કાગળોની નકલો વિનામૂલ્યે આપવામાં આવ્યા બાદ કેસના કાગળો વંચાણે લઈ ગુના સંબંધી આરોપીની આંક- થી પ્લી લેવામાં આવેલ છે અને આંક- થી તેઓએ કબુલાત પુરશીશ આપેલ છે જેમાંક આરોપીનું નીવેદન લેતાં આરોપીએ ગુનાનો ઈકરાર કરેલો છે. આમ આરોપી પોતાની રાજીખુશી અને સ્વૈચ્છિકપણે પોતાનો ગુનો કબુલ મંજૂર કરતા હોઈ હું આરોપીની ગુના કબુલાત સ્વીકારું છું અને આરોપીને ગુનેગાર ઠરાવું છું.

૪. વળી આરોપીએ ગુના કબુલાતની પુરસીસ આપી જણાવેલ છે કે તેઓનો આ પ્રથમ ગુનો છે અને આરોપી મધ્યમ વર્ગના માણસ છીએ અને કાયદાની જોગવાઈઓને ધ્યાને રાખી આરોપી ઉપર રહેમ નજર રાખી ઓછો દંડ કરવા અરજ કરેલ છે.

૫. આમ આરોપી સામેનો ગુનો લક્ષમાં લેતાં તથા આરોપીએ રજૂ કરેલી દયાની અરજને લક્ષ માં લેતાં આરોપીનો આ પ્રથમ ગુનો છે અને તેઓએ બીજા કોઈ ગુના કરેલ નથી તેવા સંજોગોમાં તેમણે દયાની અરજ ગુજારેલ છે. તેથી આરોપીને સજા નહીં કરતા દંડ કરવાનું યોગ્ય માનું છું તેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**-: હુ ક મ :-**

સદર કામે આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ ૨૫૨ મુજબ તેમની સામેના ઈ.પી.કો.કલમ ૨૮૩ મુજબના ગુના માટે ગુનેગાર ઠરાવી રુપિયા ૧૦૦/- નો દંડ, અને દંડ ન ભરે તો વધુ દિન-૨ ની સાદી કેદનો હુકમ કરવામાં આવે છે.

હુકમ, આજરોજ તા.૧૧-૧૨-૨૦૨૧ ના રોજની લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુ.અમદાવાદ
તા.૧૧-૧૨-૨૦૨૧

(મિતેષચંદ્ર વિનોદકુમાર પટેલ )
**UIC No. GJ 01047**
૭ મા એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ
અમદાવાદ(ગ્રામ્ય)મીરઝાપુર.